મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

# નારાયણી હોટલમાંથી ૧૪ જુગારીઓ ઝડપાયા

## ૩ લકઝરીયસ કાર, ૧ ટુ-વ્હીલર, ૨૩ મોબાઈલ, રોકડ રકમ રૂ. ૪,૬૬,૪૨૦ તેમજ દાવ પરથી મળેલ રોકડ રૂ. ૮૭૦૦ સહિત કુલ રૂ. ૧૮,૩૭,૬૨૦ના મુદામાલ સાથે ૧૪ શકુનીઓને પકડી પાડતી એસઓજી પોલીસ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર આવેલ નામાંકિત નારાયણી હોટલમાં સટ્ટા-બેંટીગ ચાલતી હોવાની માહિતીને આધારે એસઓજી પોલીસે હોટલના જે રૂમની બાતમી મળી હતી તો રૂમનો દરવાજો ખખડાવતા અંદર જોયું તો અમદાવાદના મોટા વેપારીઓ બેઠા હતા. પોલીસે તપાસ કરતા સટ્ટા બેટીંગ ને બદલે જુગાર રમતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તમામ ૧૪ વેપારીઓને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પોલીસને શનિવારે રાત્રે બાતમી મળી હતી કે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ વૈભવી હોટલ નારાયણી હાઈટ્સના ડીલકસ રૂમ નં ૫૦૨ અને ૫૦૩માં રાજકોટ ખાતે રમાઈ રહેલી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો છે. પોલીસને મળેલ પ્રાથમિક માહિતીને ખાતરી કરવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસને જાણવા મળ્યા મુજબ આ રૂમ કોઈ અમિત નામના






એક શખ્સના નામે બુક થયા છે. એસઓજી પોલીસનો ત્યાં ચાલતી ગતિવિધીઓ પર શંકા જતા તેમણે ઉપરી અધિકારીની મંજુરી મેળવી રેઈડ પાડવાનું નક્કી કરી લીધું.

ત્યારબાદ પોલીસો ઓપરેશન હાથ ધરતા બાતમીવાળી રુમો પર રેડ કરી પોલીસે દરવાજો ખખડાવતા અંદર રહેલા તમામ શખ્સો ગભરાઈ ગયા હતા. થોડો સમય કોઈપણ વ્યકિતએ દરવાજો ખોલવાની હિંમત કરી નહોતી. બાદમાં દરવાજો ખુલતા જ પોલીસ અંદર પ્રવેશતાની સાથે જ પોતાની કામગીરી આરંભી દીધી હતી. પોલીસે તપાસ કરતા હોટલના રુમમાંથી ક્રિકેટના સટ્ટા અંગેનું કોઈ સાહિત્ય મળ્યુ નહી પરંતુ તેના સ્થાને આ વ્યકિતઓ જુગાર રમતા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે મોંઘીદાટ હોટલમાં સામાન્ય જુગારીયા તો હોય નહી તેથી પોલીસો તમામની માહિતી એકત્ર કરી હતી.

આ શકુનીઓમાં અમિત મોતીરામ અભિચંદાણી, સરદાર નગર, રાજેશ ત્રિકમદાસ ગોલાણી રહે. નોબલનગર, ઉમેશભાઈ લીલારામ દેવલાણી, નરોડા પાટીયા,પ્રદિપકુમાર શંભુમલ બાલાણી નાના ચિલોડા, નારણભાઈ ગોરધનદાસ ચૌધરી નાના ચિલોડા, કમલ દોલતરામ ચંચલાણી સરદારનગર, ગોંવિદ નારાયણદાસ ધરવાણી કુબેરનગર, ઘનશ્યામ અવિતરામ સાધવાણી તીર્થધામ એપાર્ટમેન્ટ અમદાવાદ, અનિલ નારણ ખુભાણી રહે સત્કાર સ્ટેટસ નરોડા, રાજેન્દ્ર મીરચુમલ થાવાણી સત્કાર બંગ્લોઝ નાના ચિલોડા, રમેશભાઈ હરચંદાણી સરદારનગર, વિજય અરજનદાસ રામચંદાણી કુબેરનગર,ભવાનદાસ કુબેરનગર, કિશન ચંદુમલ ઉધાણી સરદારનગરનો સમાવેશ થાય છે. નારાયણીમાંથી પકડાયેલા જુગારીયાઓ મોટાભાગના કાલુપુર વિસ્તારમાં આવેલ સિંધી માર્કેટના વેપારીઓ હોવાનું પોલીસના ધ્યાને આવ્યું છે. તેમની પાસેથી પોલીસે રોકડ રૂ. ૪,૬૬,૪૨૦, ૨૩ મોબાઈલ કિ.રૂ. ૧,૪૨,૫૦૦ તથા ૩ લકઝરી કાર કિ.રૂ.૧૨,૦૦,૦૦૦ તથા એકટીવા નંગ -૧ કિ.રૂ. ૨૦,૦૦૦ તેમજ દાવ પર મળેલ રોકડ રૂપીયા ૮૭૦૦ સહિત કુલ રૂ. ૧૮.૩૭,૬૨૦નો મુદામાલ ઝપ્ત કરીને અડાલજ પોલીસમાં જુગારધારાનો ગુનોં નોંધાવી ગાંધીનગર એસઓજી પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર પી.આઈ.સોલંકી વધુ તપાસ હાથ ધરી છે.



શહેરમાં દેવ દિવાળીનું પર્વ ઉલ્લાસપૂર્વક ઉજવાયું હતું અને દેવસ્થાનોને આ પર્વે સુશોભિત કરાયા હતા. ગાંધીનગરના સેકટર-૮માં દેવાધિદેવ ત્ર્યંબકેશ્વર મહાદેવના મંદિરે કરાયેલો નયનરમ્ય શણગાર શ્રધ્ધાળુઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

# વાચકોની ઉપસ્થિતિથી પુસ્તક પરબ સુશોભિત થઈ

## આશરે ૬૦૦થી વધુ પુસ્તકોનું આદાન-પ્રદાન થયુ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં અનેક સાહિત્યકારો વસે છે એટલું જ નહી પરંતુ આ શહેરમાં અસંખ્ય વાચકો પણ વસે છે તે વાતની પ્રતિતિ ફરી એકવાર આજે યોજાયેલી પુસ્તક પરબમાં થવા પામી હતી. આજે નવેમ્બર માસના પહેલા રવિવારે ઘ-૪ સર્કલ યોજાયેલી પુસ્તક પરબમાં ૬૦૦થી વધુ પુસ્તકો-મેગેઝીનોનું આદાન-પ્રદાન થવા પામ્યું હતું. શિયાળાની સવાર હોવા છતાં વાચકોની મોટી હાજરી એ પુસ્તક પરબના આયોજકોને પ્રસન્ન કર્યા હતા.

માતૃભાષા અભિયાન તથા આત્મન ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ગાંધીનગરમાં ઘ-૪ સર્કલે દર માસના પ્રથમ રવિવારે સવારે યોજાતી પુસ્તક પરબ પ્રવૃત્તિ દિવસે ને દિવસે



લોકપ્રિયતા મેળવતી જાય છે. દર વખતની જેમ આ વખતની પુસ્તક પરબમાં પણ યુવા અને બાળ વાચકોથી માંડીને વરિષ્ઠ સાહિત્ય ભાવકો પણ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. દરેક મુલાકાતીએ પુસ્તક પરબમાં રજૂ કરાયેલા પુસ્તકોને પોતાના રસ અને પસંદગી મુજબ જોઈ અને વાંચન યોગ્ય પુસ્તકો પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત અનેક દાતાઓએ પુસ્તક પરબને અસંખ્ય પુસ્તકો દાનમાં આપ્યા હતા જેથી વાચકો તેનો પણ લાભ મેળવી શકે. પુસ્તક પરબમાં આવતા સાહિત્ય અને વાંચન રસિકોની શિસ્ત પણ પ્રસંશાને પાત્ર રહી હતી.

પુસ્તક પરબના આયોજનમાં પ્રજ્ઞાબેન પટેલ, આશાબેન સરવૈયા, મુળજીભાઈ પરમાર, સંજયભાઈ થોરાત, અશોકભાઈ ત્રિવેદી, દિશાંતભાઈ ગર્ગ, કિન્નરીબેન ત્રિવેદી, રમેશચંદ્ર શ્રીમાળી, વાઘેલાભાઈ, નિનાદ ભટ્ટ, ધાર્મિક પટેલ તથા અન્ય સ્વયંસેવકોએ સમગ્ર વ્યવસ્થાની જવાબદારી સુપેરે ઉઠાવી હતી.

@ગાંધીનગર

● પેથાપુર સમસ્ત સમાજ દ્વારા સન્માન સમારોહ અને સામાન્ય સભા રાત્રે ૮.૩૦ કલાકે નગરશેઠની વાડી પેથાપુર ખાતે યોજાશે.

● જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક સાંજે ૫.૦૦ કલાકે સે-૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે.

## રાંધેજા ગામમાંથી ૨૫ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલ રાંધેજા ગામનો એક શખ્સ વિદેશી દારુનું છુટક વેચાણ કરે છે તેવી ચોક્કસ બાતમી પેથાપુર પોલીસને મળી હતી. જેને આધારે પોલીસે રેઈડ કરીને રાંધેજાના શખ્સના ઘરમાંથી વિદેશી દારુની બોટલ નં-૬૬ કિ.પૃ. ૨૫,૨૦૦નો મુદામાલ ઝપ્ત કરીને આગળની કાર્યવાહી પીએસઆઈ વી.બી.દેસાઈએ હાથ ધરી છે.



પેથાપુર પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાંધેજા ગામના માંડવી ચોકમાં રહેતા નિલેશ ઉર્ફે પી.પી.કનુભાઈ પટેલ નાનો રાંધેજા માંડવી ચોક માં રહેતા બિપિન વિનુભાઈ જાનીના ઘરે ઈગ્લીશ દારુનો જથ્થો રાખી છુટક વેચાણ કરે છે.અને હાલ બિપિન વિનુભાઈ જાનીના ઘરમાં વિદેશી દારુનો જથ્થો પડેલો છે. તેવી ચોક્કસ બાતમી પેથાપુર પોલીસને મળતા પીએસઆઈ વી.બી.દેસાઈ, હે.કો.હરેન્દ્રસિંહ રણજીત સિંહ, પો.કો. મિલિનકુમાર રમેશભાઈ અને ધર્મેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ, વિષ્ણુભાઈ માલજીભાઈ, પ્રદિપસિંહ દિલાવરસિંહ સહિતના સ્ટાફના માણસોએ પંચોના માણસો સાથે રાખી હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા બીપીન વિનુભાઈ જાનીના ઘરમાંથી ઈગ્લીશ દારુની બોટલ નં-૬૬ કિ.રૂ.૨૫,૨૦૦નો મુદામાલ ઝપ્ત કરીને વધુ તપાસ પીએસઆઈ વી.બી.દેસાઈ ચલાવી રહ્યા છે.

## ચિલોડા સર્કલ પાસેથી થેલામાં દારૂની ૨૨ બોટલ સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક સર્કલ પાસેથી ચિલોડા પોલિસે રાજસ્થાન ઉદેપુરનો એક શખ્સ નામે જિતેન્દ્ર મણીલાલ ડામોર ૨૨ નંગ ઈંગ્લીશ દારૂ થેલામાં લઈ જઈ રહ્યો હતો ત્યારે પોલિસે ઝડપી લીધો હતો. આ શખ્સ થેલામાં ૨૨ નંગ ઈંગ્લીશ દારૂની બોટલ રૂ. ૬૬૦૦નો મુદ્દામાલ સાથે હે.કો. રાકેશભાઈ મણીભાઈ અને અન્ય પોલિસ કર્મીએ અટકાવી તલાશી લેતા થેલામાં ઈંગ્લીશ દારૂની બોટલ મળી આવી હતી. પોલિસે મુદ્દામાલ જપ્ત કરી તેની વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચિરવિદાય

● સ્વ. સુબ્રમણ્યમ દુરાસ્વામી આદિદ્રવિડ, ઉ.વ. ૫૦
● સ્વ. મોહનભાઈ જેઠાભાઈ મારવાડી, ઉ.વ. ૬૦

## જન્મદિને વધામણી



ઝેનિથ ચિરાગ સોલંકી
મો. ૮૮૬૬૨ ૨૭૭૧૯



દિપાલી એન બ્રહ્મભટ્ટ



હર્ષ કલ્પેશભાઈ સોની
મો. ૭૪૦૫૨ ૪૩૪૬૭

# કોઈને મદદરૂપ થવા માટે ઉંમર કયારેય નડતી નથી

## ગાંધીનગરમાં વર્ષોથી સેવાક્રિય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ૮૨ વર્ષીય જયેન્દ્ર પરીખે વિવિધ સંસ્થાઓના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી છે : 'પરીખદાદા' તરીકે ઓળખાવા સાથે આજે પણ સેવા પ્રવૃત્ત રહી તેઓ નવી પેઢી માટે પ્રેરણારૂપ બની રહ્યા છે



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૫

દિવાળીનો તહેવાર દેવ દિવાળી સુધી ચાલતો હોય અને આ તહેવારમાં સૌ કોઈ રોજીંદી તકલીફો તથા ચિંતાઓ ભૂલી પરિવાર સાથે ઉજવણીનો આનંદ માણવામાં વ્યસ્ત બને છે પરંતુ જેઓનો પરિવાર નથી અથવા પરિવારે તરછોડી દીધા છે તેવા વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલો માટે આવા તહેવાર અકળાવનારા નિવડતા હોય છે. ગાંધીનગર પાસેના પેથાપુર ખાતેના કૈલાશધામ વૃધ્ધાશ્રમના વડિલોની આવી અકળામણ દેવ દિવાળીના દિવસે દૂર થઈ ગઈ હતી કારણ કે એક વયોવૃધ્ધ સેવાભાવી સજ્જન તેમના સાથી સ્વયંસેવકો સાથે અહીં ફટાકડા અને મિઠાઈ સાથે પહોંચી ગયા હતા અને તમામ વડિલોને હોંશે હોંશે દેવ દિવાળીની ઉજવણી કરાવી હતી. પોતે ૮૨ વર્ષના હોવા છતાં સવાર સાંજ સતત સેવાકીય પ્રવૃત્તિમાં સતત વ્યસ્ત રહી અનેક જરૂરિયાતમંદોના ચહેરા પર ખુશીનું સ્મિત રેલાવતા આ સેવાભાવી સજ્જન એટલે ગાંધીનગરની સેવાકીય પ્રવૃત્તિના એક અડિખમ મશાલચી સમા જયેન્દ્ર એન. પરીખ.

ગાંધીનગર પાટનગર બનતા અમદાવાદથી ૧૯૭૦માં સચિવાલય ટ્રાન્સફર થતા તે સાથે જ અહીં આવેલા મધ્યસ્થ આલેખન તંત્રમાં ગ્રંથપાલની ફરજ બજાવતા જયેન્દ્ર પરીખનો જન્મ ખેડામાં થયો હતો. સરકારી નોકરી દરમિયાન પણ સતત અન્યને મદદરૂપ થવાનો તેમનો સ્વભાવ સચિવાલયના કર્મચારીઓમાં તેમને લોકપ્રિય બનાવતો હતો. એકવાર અધિકારીએ ઉપરના માળે સરકારી કામકાજ માટે બોલાવ્યા ત્યારે તેમણે સીડીઓમાં પોતાની ઓફિસના બે ત્રણ સેવકોને ચિંતાગ્રસ્ત હાલતમાં બેઠેલા જોયા અને કારણ પુછયું તો પેલા ગરીબ કર્મચારીઓ બોલ્યા કે 'સાહેબ અમે જેમની પાસેથી નાનું-મોટું કરજ લીધું છે તે લેણદારો નીચે અમારી રાહ જોઈને બેઠા છે. જો નીચે જઈશું તો તેઓ હપ્તો કે ચાર થી પાંચ ટકાના વ્યાજથી ચુકવણું માંગશે જે અમે આપી શકીએ તેમ નથી એટલે તેઓ જાય પછી જ નીચે ઉતરીશું પછી ભલે રાતના આઠ વાગી જાય.' આ સાંભળી ચિંતાગ્રસ્ત બનેલા જયેન્દ્રભાઈએ બીજા જ દિવસે ઓફિસના સહકર્મચારીઓ સમક્ષ રૂ. ૧૦નો ફાળો ઉઘરાવી મિત્ર મંડળની શરૂઆત કરી દીધી. જે વર્ષો સુધી કર્મચારીઓને અણીના સમયે મદદરૂપ થવા પામ્યું હતું. તેઓ જયાં લાયબ્રેરિયન તરીકે ફરજ બજાવતા હતા ત્યાં ગાંધીનગરમાં સેવાની ગંગોત્રી તરીકે જાણીતા ગજેન્દ્ર ખારોડ પણ અવારનવાર આવતા હતા અને બંનેની સારી મિત્રતા બંધાઈ હતી અને તેમની સેવા પ્રવૃત્તિમાં સહભાગી બનતા હતા. વર્ષ ૧૯૯૩માં જયેન્દ્ર પરીખ જયારે નિવૃત્ત થયા ત્યારે ખારોડ સાહેબે પુછયું કે 'હવે શું કરશો?' ત્યારે ખારોડ સાહેબને પોતાના ગુરુ માની ચુકેલા જયેન્દ્ર પરીખે જવાબ આયો હતો કે 'જે તમે ચીંધશો તે કાર્ય કરીશ.' બસ ત્યારથી જ શરૂ થઈ જયેન્દ્ર પરીખની સેવાની વણથંભી સફર જે આજે તેમની ૮૨ વર્ષની ઉંમરે પણ અવિરત ચાલુ છે.

નિવૃત્તિ પછી દરરોજ સાંજે સાડા પાંચ વાગે સિવિલ હોસ્પિટલ પહોંચી જવાનું અને ગરીબ દર્દીઓને દવા, ભોજન, ફળ, કપડા, પાથરવા-ઓઢવા માટે કે અન્ય કોઈ પણ જરૂરિયાત હોય તેને પુરી કરવાની વ્યવસ્થા કરવાની. આ સેવા કાર્ય સાથે તેઓ સિનિયર સિટીઝન કાઉન્સિલમાં જોડાયા પછી લોકસેવા કાર્યમાં વધુ યુવા સ્વયંસેવકોની જરૂરિયાત જણાતા જુનિયર સિટિઝન કાઉન્સિલની સ્થાપના કરવામાં પણ મહત્વનો ભાગ ભજવ્યો. સાંજ પડે ને તેમના ધર્મપત્નિ ઉષાબેન યાદ કરાવે કે તમારે હોસ્પિટલ જવાનો સમય થઈ ગયો. સહયોગી મિત્રો સાથે મળીને ગરીબ દર્દીઓને મોટા ઓપરેશનના ખર્ચમાં મદદરૂપ થવા સતત કાર્યરત રહેતા હતા. એકવાર એક દર્દીને કિડનીના ઓપરેશન માટે રૂપિયા અઢી લાખની જરૂર હતી તો છાપામાં મદદ માટે જાહેરાત આપી પરંતુ શરત એ રાખી કે કોઈનું પણ દાન રૂ. ૧૦૦થી વધુ નહી લેવાય અને જરૂર પુરતું દાન એકત્ર થઈ ગયા પછી એક પૈસો પણ વધુ સ્વીકારતા નહી. હોસ્પિટલમાં સતત રકતની જરૂરિયાતના પગલે તેમણે વર્ષ ૨૦૦૦માં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ગાંધીનગર શાખા શરુ કરાવી અને તેના પ્રમુખ પદે રહી યશસ્વી કામગીરી કરી હતી. તેમની



વર્ષ ૨૦૦૦ની સાલથી આરંભાયેલી સેવાકીય પ્રવૃત્તિમાં ૨૦૦૭ સુધીમાં તમણે ૧૪,૨૪૯ રકતની બોટલ એકત્ર કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. સુરતની પુર હોનારતમાં પણ તેમણે ૩૦૦ રકત બોટલની સેવા પુરી પાડી હતી. રકતદાનની પ્રવૃત્તિ સાથે જુસિકા થકી તેમણે ચક્ષુદાન અને દેહદાન ઉપરાંત શહેરમાં મળી આવતી બિનવારસી લાશની અંતિમ ક્રિયા કરવાનું સેવા કાર્ય પણ આરંભ્યું હતું. વર્ષ ૨૦૦૦થી ૨૦૦૭ સુધીમાં કુલ ૨૬૩ ચક્ષુદાન અને ૧૭ દેહદાન મેળવવા સાથે કુલ ૩૬૩ બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર કરાવ્યા હતા. આ કાર્યમાં તેમને અન્ય સાથી સ્વયંસેવકોનો પણ ભરપૂર સાથ મળતો રહ્યો હતો.

એકવાર અમદાવાદની એક જૈન સંસ્થાએ એક બધિર બાળકના ઓપરેશન માટે રૂ. ૧ દાન આપવા અખબારી જાહેરાત દ્વારા ટહેલ નાંખી ત્યારે જયેન્દ્ર પરીખે ગાંધીનગરની શાળાઓમાં દાન પેટી મુકાવી રૂ. ૮૦ હજાર એકત્ર કરી મોકલી આપ્યા હતા. જયારે આ નાણાં મોકલી આપ્યા ત્યારે સંસ્થા પાસે પુરતા નાણાં એકત્ર થઈ ગયા હોવાથી સ્વીકારવાની ના પાડી તો તેમણે તે નાણાં આવો અન્ય કેસ આવે તેને મદદરુપ થવા જમા રખાવ્યા હતા. આવા સેવા ભેખધારી જયેન્દ્ર પરીખને વર્ષ ૨૦૦૩માં ગુજરાત સરકારે સેવા કાર્યો માટે સન્માનિત કર્યા હતા એટલું જ નહી અત્યાર સુધીમાં રેડક્રોસ સોસાયટી, ગાયત્રી પરિવાર હરિદ્વાર સહિત અનેક સંસ્થાઓ તેમનું સન્માન કરી ચુકી છે. આજે પણ દરરોજ સવારે તેમના રહેઠાણની એક નજીકની બેંકમાં નિયમિત પહોંચી જાય છે. જયાં બેંકના સિકયુરિટી ગાર્ડ સાથે મળીને સ્ટાફ સહિત અન્ય દાતાઓ પાસેથી મળેલા દાનના ફંડ થકી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત રહે છે અને સાંજે નિયમિત જુસિકા કાર્યાલયે હાજરી આપે છે. આ ઉપરાંત સહયોગ મંડળ, ગજાનન સેવ સમિતિ જેવી સંસ્થાઓ સાથે મળીને દૂર દૂરના ગામડાઓ સુધી જરૂરિયાતમંદોને અનાજની કીટ પહોંચાડવાથી માંડીને સરકારી શાળાના ગરીબ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા સુધીની અનેક લોકસેવામાં સતત પ્રવૃત્ત રહે છે. 'પરીખદાદા' તરીકે જાણીતા બનેલા જયેન્દ્ર પરીખનું જીવન આજની પેઢી માટે ખરેખર પ્રેરણારૂપ મિસાલ સમાન છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com